શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
~~Rs. 5800/-~~ Rs. 2500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- યુરિન (પેશાબ) ચેકઅપ (Urine Test)
- સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS, GHB
- કીડની તપાસ (Kidney {Renal} Profile) Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT, SGOT, Bilirubin, ALP, Protien
- કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid)
- થાઈરોઈડ તપાસ (Thyroid Test) T3 T4 TSH
- છાતીની તપાસ (Chest X-Ray)
- ન્યુટ્રીયન તપાસ (Nutrition Profile) Vita B12, Vita D3
- હૃદયની તપાસ (Cardiac Test) ECG
- સંધિવા તપાસ (Arthritis Test), RA Test
- દાંતની તપાસ (Dental Checkups)
- એમ.ડી. ડકટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેધાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ પાંચમ રવિવાર ૫ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૬

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# 12 કલાકમાં 8 ઈંચ વરસાદથી મુંબઈ જળબંબાકાર



**ભીવંડીમાં** ૩ ફૂટ પાણી ભરાઇ ગયું, દુકાનો બંધ, પાલઘરમાં એક બાળકનું મોત

**મહારાષ્ટ્રના** અન્ય ભાગો અને ઘણાં રાજ્યોમાં ભારે વરસાદઃ જમ્મુ-કાશ્મીરમાં ભૂપ્રપાત પછી એક માર્ગ બંધ

**કેરળમાં** તોફાની પવન સાથે ભારે વરસાદ પછી પાંબલા ડેમના દરવાજા ખોલી દેવા પડ્યા

**નવી દિલ્હી, મુંબઈ, તા. 4:** શનિવારે ભારે વરસાદને કારણે અનેક રાજ્યોમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ભારત હવામાન વિજ્ઞાન વિભાગ દ્વારા મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને કેરળમાં 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ચાર દિવસમાં હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના બાકીના ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે.

મુંબઈ અને તેના મેટ્રોપોલિટન વિસ્તારોમાં શનિવારે મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. માત્ર ૧૨ કલાકની અંદર મુંબઈના ઘણા ભાગોમાં ૨૦૦ mm (આશરે ૭.૮૭ ઈંચ) જેટલો મુશળધાર વરસાદ ખાબક્યો છે. સતત વરસી રહેલા આ પૂર જેવા વરસાદ અને હવામાન વિભાગ (IMD) ના 'રેડ એલર્ટ' ને પગલે તંત્ર દ્વારા શનિવારે બપોરે જ તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

**ટ્રેન વ્યવહાર ખોરવાયોઃ** વેસ્ટર્ન રેલવે લાઇન પર નાલાસોપારા અને વિરાર સ્ટેશનો વચ્ચે પાટા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સેન્ટ્રલ અને હાર્બર લાઇન પર પણ ટ્રેનો ૧૫ થી ૨૦ મિનિટ મોડી દોડી રહી છે અને મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

**રસ્તાઓ બંધ અને ટ્રાફિક જામઃ** અંધેરી સબવે વાહનો માટે સંપૂર્ણ બંધ કરી દેવાયો છે. સાકીનાકા, ચાંદીવલી અને વિલે પાર્લેમાં રસ્તાઓ બેસી જવાને કારણે ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. BMC એ પાણી નિકાલ માટે ૪૪૮ પંપ ચાલુ કર્યા છે.

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચોમાસાના આગમનના બે દિવસ પછી, શહેરના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે ઓછામાં ઓછા શુક્રવાર સુધી હળવો વરસાદ અને પવન ફૂંકાવાનું ચાલુ રહેશે.

મુંબઈ અને તેના મેટ્રોપોલિટન ક્ષેત્રમાં શનિવારે સતત અને ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. વરસાદના લીધે રોડ બેસી જવા, વૃક્ષો ધરાશાયી થવા અને મકાનો તૂટી પડવાની ઘટનાઓ બની હતી, તેમજ માર્ગ અને રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો. સતત પડી રહેલા મુશળધાર

...અનુસંધાન પાના 11 પર

ગુજરાતમાં ચોમાસાએ જોર પકડ્યું, NDRF અને SDRFની ટીમો તૈનાત NDRF અને SDRFની ટીમો તૈનાત

## સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર, દક્ષિણ ગુજરાતમાં દે' માર

**સૌરાષ્ટ્રમાં** 24 કલાકમાં માંગરોળમાં 22 ઇંચ, માળિયા હાટીનામાં 14 ઇંચ વરસાદ

**દક્ષિણ** ગુજરાતમાં વઘઈ, સુબીર અને અંબિકા તાલુકામાં 13-13 ઇંચ વરસાદ

**ગાંધીનગર :** ગુજરાતમાં ચોમાસાએ જોર પકડતાં છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 225 તાલુકાઓમાં હળવાથી અતિભારે વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં સૌથી વધુ 22 ઇંચ વરસાદ વરસતાં જનજીવન પ્રભાવિત થયું છે, જ્યારે માળિયા હાટીના, વઘઈ, સુબીર અને અંબિકા સહિતના વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ નોંધાયો છે. ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં NDRF અને SDRFની ટીમો તૈનાત કરવામાં આવી છે તેમજ 4થી 7 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગરમાં સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC),ના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં સૌથી વધુ 22 ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે માળિયા હાટીનામાં 14 ઇંચ, ડાંગ જિલ્લાના વઘઈ અને

...અનુસંધાન પાના 11 પર

### શનિવારે સાંજે છ વાગ્યા સુધીમાં ક્યાં કેટલો વરસાદ ?

1. રાજુલા - 3.74 ઇંચ
2. ગણદેવી - 3.66 ઇંચ
3. ચીખલી - 3.62 ઇંચ
4. મહુવા (ભાવનગર) - 3.23 ઇંચ
5. જલાલપોર - 3.03 ઇંચ
6. ઓલપાડ - 2.83 ઇંચ
7. સોનગઢ - 1.97 ઇંચ
8. નવસારી - 1.97 ઇંચ
9. ઊના - 1.38 ઇંચ
10. જાફરાબાદ - 1.34 ઇંચ
11. તાલાળા - 1.34 ઇંચ
12. કોડીનાર - 1.22 ઇંચ
13. વિસાવદર - 1.18 ઇંચ
14. પલસાણા - 1.06 ઇંચ
15. ઈડર - 1.06 ઇંચ

### છેલ્લા 24 કલાકમાં 5 ઇંચથી વધુ ક્યાં કેટલો વરસાદ ?

1. માંગરોળ (જુનાગઢ) - 22.24 ઇંચ
2. માળિયા હાટીના - 14.09 ઇંચ
3. વઘઈ - 13.43 ઇંચ
4. સુબીર - 13.23 ઇંચ
5. અંબિકા - 13.19 ઇંચ
6. કેશોદ - 12.80 ઇંચ
7. મેંદરડા - 12.56 ઇંચ
8. ડોલવણ - 11.65 ઇંચ
9. વાંસદા - 9.80 ઇંચ
10. ચીખલી - 9.61 ઇંચ
11. વાલોડ - 9.17 ઇંચ
12. આહવા - 9.09 ઇંચ
13. પાટણ-વેરાવળ - 8.50 ઇંચ
14. ગણદેવી - 8.39 ઇંચ
15. વલસાડ - 8.15 ઇંચ

### ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં 25 ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ મુકાઈ

રાજ્યના જળાશયોની સ્થિતિ પણ સુધરી રહી છે. સરદાર સરોવર નર્મદા ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના 64.11 ટકા સુધી ભરાયો છે. જ્યારે રાજ્યના અન્ય 206 જળાશયોમાં કુલ ક્ષમતાના 36.09 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. હાલમાં 10 ડેમ 70થી 100 ટકા, 20 ડેમ 50થી 70 ટકા, 58 ડેમ 25થી 50 ટકા અને 118 ડેમ 25 ટકાથી ઓછી

...અનુસંધાન પાના 11 પર

### ભારે પવન અને વરસાદથી 2174 ગામોમાં વીજપુરવઠો ખોરવાયો

ભારે પવન અને વરસાદના કારણે રાજ્યના 2,174 ગામોમાં વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો. જોકે વીજ કંપનીઓએ ઝડપી કામગીરી હાથ ધરી 2,087 ગામોમાં વીજ પુરવઠો પુન:સ્થાપિત કરી દીધો છે, જ્યારે બાકીના 87 ગામોમાં વીજ પુરવઠો પુન:સ્થાપિત કરવાની કામગીરી ચાલુ છે. દરમિયાન હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને રાજ્ય

...અનુસંધાન પાના 11 પર

### વરસાદની સાથે (ઓકે) આગામી 4 દિવસ ક્યાં ક્યાં અતિભારે વરસાદ પડશે

**૫ જુલાઈ (રેડ એલર્ટ):** દક્ષિણ ગુજરાતના નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં એક્લ-દોક્લ સ્થળોએ અત્યંત ભારે વરસાદની સંભાવના સાથે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય ઉત્તર ગુજરાત અને બાકીના તમામ જિલ્લાઓમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડશે.

**૬ જુલાઈ (રેડ એલર્ટ):** દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ-દાદરા નગર હવેલી ઉપરાંત સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં 'રેડ એલર્ટ' યથાવત રહેશે અને આભ ફાટવા જેવો વરસાદ પડી શકે છે. કચ્છ જિલ્લામાં આ દિવસે જૂજ સ્થળોએ વરસાદની શક્યતા છે.

**૭ જુલાઈ (રેડ એલર્ટ):** આ દિવસે વરસાદનું જોર સૌરાષ્ટ્રમાં થોડું ઘટશે પરંતુ દક્ષિણ ગુજરાતમાં આફત યથાવત રહેશે. સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ સરહદે ભારેથી અતિભારે વરસાદના પગલે રેડ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં મધ્યમ વરસાદ ચાલુ રહેશે.

**૮ જુલાઈ (રેડ એલર્ટ):** નવસારી, વલસાડ અને દમણ તેમજ દાદરા નગર હવેલીમાં સિઝનનો સૌથી ભયાનક વરસાદ પડવાની આગાહી સાથે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના બાકીના જિલ્લાઓમાં પણ આ દિવસે અનેક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદી માહોલ જળવાઈ રહેશે.

**આગામી ૯, ૧૦ અને ૧૧ જુલાઈ:** રાજ્યમાં વરસાદની તીવ્રતા ક્રમશઃ ઘટશે. આ દિવસો દરમિયાન દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં માત્ર થોડા સ્થળોએ જ હળવોથી મધ્યમ વરસાદ અથવા થંડરશોવર થવાની સંભાવના છે અને કોઈ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી નથી.

### અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં બે લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાની સંભાવનાથી દ.ગુ.માં અતિભારે વરસાદનું જોખમ

વેધર મોડેલના અનુમાન મુજબ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં બે લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થવાની સંભાવના છે. તેના પ્રભાવ હેઠળ ગુજરાત સુધી મજબૂત ઈસ્ટ-વેસ્ટ શિયર ઝોન સર્જાવાની શક્યતા હોવાથી આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદનું

...અનુસંધાન પાના 11 પર

## સરકારે ટેલિગ્રામને પાયરેટેડ સામગ્રી દૂર કરવા જણાવ્યું

**નવી દિલ્હી, તા. 4 (PTI):** કેન્દ્ર સરકારે લોકપ્રિય મેસેજિંગ એપ ટેલિગ્રામને નોટિસ પાઠવીને તેના પ્લેટફોર્મ પર પાઈરેટેડ ફિલ્મો, OTT કન્ટેન્ટ અને અન્ય ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રીના "વ્યાપક પ્રસાર" પર કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે, તેમ સરકારી અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે તેની નોટિસમાં ટેલિગ્રામ પાસે ૧૫ દિવસની અંદર 'એક્શન ટેકન રિપોર્ટ'(કરેલી કાર્યવાહીનો અહેવાલ) માંગ્યો છે. અધિકારીઓએ રેખાંકિત કર્યું છે કે સરકારનો આ અભિગમ પાઈરેટેડ કન્ટેન્ટને ટુકડે-ટુકડે હટાવવાને બદલે પ્લેટફોર્મની જવાબદારી નક્કી કરવા તરફનો મોટો બદલાવ દર્શાવે છે. મંત્રાલયે ટેલિગ્રામને જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે કે કોપીરાઈટનું ઉલ્લંઘન એ માત્ર દીવાની ઉલ્લંઘન નથી, પરંતુ કોપીરાઈટ એક્ટ, ૧૯૫૭ અને સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ હેઠળ ફોજદારી ગુનો પણ છે. ઉલ્લેખનીય છે કે, NEETની પુનઃપરીક્ષા દરમિયાન પેપર લીક થતું અટકાવવા

...અનુસંધાન પાના 11 પર

## પાકિસ્તાન સ્થિત ૨૩ જણાને ભારતે આતંકવાદી જાહેર કર્યા

**આમાં** કેટલાક હાફિઝ સઇદના નજીકના સહયોગીઓ છે, સુરક્ષા દળો પરના હાઈ-પ્રોફાઈલ હુમલાઓ, હથિયારોની હેરાફેરી અને યુવાનોના ભરતી કરવામાં સામેલ હતા

### આ ૨૩માંથી ૬ ભારતીયો છે, એકે રામ મંદિરની રેકી કરી હતી

નવી દિલ્હી, તા.૪: શનિવારે ગૃહ મંત્રાલય દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાન હસ્તકના જમ્મુ-કાશ્મીર(PoK) માં સક્રિય જે ૨૩ વ્યક્તિઓને આતંકવાદી જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં રામ મંદિર અને આરએસએસ મુખ્ય મથકની રેકી (જાસૂસી નિરીક્ષણ)માં સામેલ વ્યક્તિઓ અને લશ્કર-એ-તૈયબા (LeT)ના સ્થાપક હાફિઝ સઈદના જમાઈનો પણ સમાવેશ થાય છે. તેમાંથી છ વ્યક્તિઓ ભારતીય નાગરિકો છે, જે હાલમાં પાકિસ્તાન અથવા PoJK માં સ્થાયી થયેલા છે.

**નવી દિલ્હી, તા. 4 (PTI):** કેન્દ્રીય ગૃહ મંત્રાલયે શનિવારે પાકિસ્તાન સ્થિત ૨૩ વ્યક્તિઓને, જેમાં લશ્કર-એ-તૈયબાના સ્થાપક હાફિઝ મુહમ્મદ સઈદના નજીકના સહયોગીઓનો સમાવેશ થાય છે અને જેઓ જૈશ-એ-મોહમ્મદ તથા લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા છે, તેમને આતંકવાદ વિરોધી કાયદા UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યા છે.

સરકારી આદેશ મુજબ, આ જાહેર કરાયેલા આતંકવાદીઓ સુરક્ષા દળો પરના હાઈ-પ્રોફાઈલ હુમલાઓ, ડ્રોન દ્વારા હથિયારોની હેરાફેરી અને સોશિયલ મીડિયા દ્વારા યુવાનોના કટ્ટરપંથીકરણ અને ભરતી કરવામાં સામેલ હતા. શનિવારે, જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો પરના હુમલામાં સામેલ લોકો સહિત ૨૩ પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓને યાદીમાં ઉમેરવામાં આવ્યા છે, જેનાથી કુલ સંખ્યા ૮૦ થઈ ગઈ છે. 'X' પર એક સંદેશમાં, કેન્દ્રીય

...અનુસંધાન પાના 11 પર

## સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી

**૧૯ બેઠકો** ધરાવતા ૨૫ દિવસના સત્રમાં લોકસભા બેઠકો વધારવાનું નવું બિલ લાવશે સરકાર

**નવી દિલ્હી, તા. 4 (PTI)** તાજેતરની વિધાનસભા ચૂંટણીઓ પછી નાટકીય રીતે બદલાયેલા રાજકીય સમીકરણો વચ્ચે સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી યોજાશે. ૧૯ બેઠકો ધરાવતું આ ૨૫ દિવસનું સત્ર એવા સમયે આવી રહ્યું છે જ્યારે વિપક્ષી છાવણીમાં તિરાડો વધુ પહોળી થતી દેખાઈ રહી છે, જેમાં મુશ્કેલીમાં મુકાયેલી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને શિવસેના (યુબીટી) બળવાનો સામનો કરી રહી છે અને કોંગ્રેસે તમિલનાડુમાં સરકાર બનાવવા માટે ડીએમકે સાથેનો છેડો ફાડીને ટીવીકે સાથે હાથ મિલાવ્યા છે. પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતે શાસક રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) ને નવી તાકાત આપી છે. કારણ કે, ગત સત્ર નિરાશામાં સમાપ્ત થયું હતું જ્યારે ૨૦૨૯માં ધારાસભાઓમાં મહિલાઓ માટે અનામત લાગુ કરવા અને લોકસભામાં બેઠકોની સંખ્યા વધારવા માટેનું બંધારણ સુધારો વિધેયક નીચલા ગૃહમાં પરાજિત થયું હતું. સરકાર હવે આ વિધેયકને ફરીથી તૈયાર કરી રહી છે જેથી કરીને તમામ રાજ્યોની લોકસભા બેઠકોમાં સમાનરૂપે ૫૦ ટકાનો વધારો કરી શકાય. વસ્તી આધારિત બેઠકોમાં વધારો એ દક્ષિણના પક્ષો માટે ચિંતાનો મોટો વિષય રહ્યો છે. ટીએમસી અને શિવસેના (યુબીટી) માં થયેલા બળવાની અસરો પણ આગામી સત્રમાં જોવા મળશે. લોકસભાના સ્પીકર ઓમ બિરલા દ્વારા અલગ જૂથ તરીકે માન્યતા મેળવવા માંગતા ૨૦ ટીએમસી અને છ શિવસેના (યુબીટી)ના સાંસદોની માગણીઓ પરનો નિર્ણય બાકી છે. રાજ્યસભામાં નવા ચૂંટાયેલા અને પુનઃ ચૂંટાયેલા સાંસદોએ શપથ લીધા પછી રાજકીય સંખ્યાબળ શાસક એનડીએની તરફેણમાં વધુ નમી ગયું

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૪-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૨૦.૦૦ મીમી | ૭૩.૫૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.૭૦ સે. | ૨૫.૭૦ સે. | ૭૪% |

## 15 વર્ષની ઉંમરે વૈભવ સૂર્યવંશીએ ડેબ્યૂ કરીને સચિનનો 37 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



બિહારના સમસ્તીપુર જિલ્લાના વૈભવ સૂર્યવંશીએ ઈંગ્લેન્ડ સામે એમિરેટ્સ ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન પર રમાયેલી T20 મેચ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરીને ઈતિહાસ રચી દીધો છે. માત્ર 15 વર્ષ અને 99 દિવસની ઉંમરે ભારત માટે ડેબ્યૂ કરનાર આ ડાબોડી ઓપનર ભારતનો સૌથી યુવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટર બની ગયો છે. વૈભવને સંજુ સેમસનના સ્થાને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું હતું અને મેચ પહેલા તિલક વર્માએ તેને ભારતીય ટીમની કેપ સોંપી હતી.

...અનુસંધાન પાના 11 પર

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી નાની વયે ડેબ્યૂ કરનાર ટોચના 5 પુરુષ ખેલાડીઓ (ફૂલ મેમ્બર નેશન્સ)

| ખેલાડી | દેશ | ઉંમર (ડેબ્યૂ સમયે) | હરીફ ટીમ |
|---|---|---|---|
| હસન રઝા | પાકિસ્તાન | 14 વર્ષ 227 દિવસ | ઝિમ્બાબ્વે |
| વૈભવ સૂર્યવંશી | ભારત | 15 વર્ષ 99 દિવસ | ઈંગ્લેન્ડ |
| મોહમ્મદ શરીફ | બાંગ્લાદેશ | 15 વર્ષ 116 દિવસ | ઝિમ્બાબ્વે |
| મુશ્તાક મોહમ્મદ | પાકિસ્તાન | 15 વર્ષ 124 દિવસ | વેસ્ટ ઇન્ડીઝ |
| આકિબ જાવેદ | પાકિસ્તાન | 16 વર્ષ 127 દિવસ | વેસ્ટ ઇન્ડીઝ |

## પેટ્રોલમાં ઈથેનોલ બ્લેન્ડિંગનો વિવાદ હવે રસ્તા પર

**જંતરમંતર** ખાતે વિરોધ પ્રદર્શન યોજવાની તેહસીન પૂનાવાલાની જાહેરાત, જો મંજૂરી નહીં મળે તો ગડકરીના ઘરની બહાર ધરણા કરશે



**નવી દિલ્હી, તા. 4 :** ભારતમાં ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ અંગેનો વિવાદ હવે સોશિયલ મીડિયા પરથી હટીને પહેલીવાર રસ્તા પર આવવા જઈ રહ્યો છે. ઉદ્યોગ સાહસિક અને ટેલિવિઝન હસ્તી તેહસીન પુનાવાલાએ રવિવારે બપોરે ૨ વાગ્યે દિલ્હીના જંતર-મંતર ખાતે કેન્દ્ર સરકારની E20 ઈંધણ નીતિ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. પુનાવાલાએ ચેતવણી આપી છે કે જો જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી નહીં મળે, તો કેટલાક પ્રદર્શનકારીઓ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના નિવાસસ્થાનની બહાર ધરણા પર બેસી શકે છે, જેઓ આ ઈથેનોલ-બ્લેન્ડિંગ અભિયાનમાં સૌથી આગળ રહ્યા છે.

ઈથેનોલ કૌભાંડ વિરુદ્ધ ટીમ ભારતના બેનર હેઠળ આયોજિત આ વિરોધ પ્રદર્શનને આયોજકો દ્વારા ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાની નીતિના ઉતાવળિયા અમલીકરણ સામેનું પ્રથમ મોટું જાહેર પ્રદર્શન ગણાવવામાં આવી રહ્યું છે. E20 પેટ્રોલનો વિરોધ અત્યાર સુધી મોટે ભાગે સોશિયલ મીડિયા, ઓટોમોબાઈલ ફોરમ અને ગ્રાહક જૂથો પૂરતો જ સીમિત હતો, પરંતુ આયોજકોનો દાવો છે કે માઈલેજમાં ઘટાડો અને વાહનોમાં થતી કથિત નુકસાનીના કારણે લોકોમાં વધી રહેલા આક્રોશે હવે આ મુદ્દાને રસ્તા પર લાવી દીધો છે. એક પછી એક

...અનુસંધાન પાના 11 પર